સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

તમે અનેક કૌભાંડ કરી મલાઈ ખાતા હતા !
ગોવાળો સામે છાનું જુગટું પણ ખેલતા હતા
રમ્યા હતા રાસ, ને ફરી જતા'તા વચન આપી -
કર્ણ-જરાસંધના એન્કૌંટરના સાક્ષી હતા!
(અમે તમારા અનુયાયી જ છીએ!)

હાઈકુ

જૂથબંધીથી -
કરાવ્યા કુસંપને -
યાદવા સ્થળી !

'નિવેદન' થી
યુધિષ્ઠિરને પણ -
છોડાવ્યું સત્ય !

ચિંતન

દુષ્ટા ભાર્યા સઠં મિત્રં ભૃત્યશ્ચોત્તરદાયકઃ ।
સસર્પે ચ ગૃહે વાસો મૃત્યુરેવ ન સંશયઃ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેન્ટમાંથી લેવામાં આવેલ છે.

દુષ્ટ પત્નિ, ઠગ મિત્ર, આજ્ઞામાં ન રહેતો, સામું બોલનારો સેવક અને ઘરમાં સાપનો વાસ - આ ચાર બાબતો મૃત્યુ સમાન છે.

દુષ્ટા પત્નિના કંકાસમાં ઘરનાં સુખ-દુઃખ-શાંતિ તણાઈ જાય છે અને જે ઘરમાં શાંતિ ન હોય તેનું સમાજમાં કોઈ સ્થાન હોતું નથી.

સાચો મિત્ર મળે તે વ્યક્તિ ભાગ્યશાળી હોય છે. મને-કમને સુખમાં તો બધા ગુણગાન ગાય છે, પણ વ્યક્તિ મુશ્કેલીમાં ફસાય ત્યારે જ્યારે જે હાથ પકડે તે જ સાચો મિત્ર. તાલી મિત્રો તો પવન ફરે તેમ પોતાનો સટ ફેરવી લે છે. એવી રીતે સેવક આજ્ઞાકારી અને વફાદાર હોવો જોઈએ. ઘરમાં સાપનો વાસ હોય તો તે ગમે ત્યારે ડંખ મારે. તેનો વહેલી તકે નિકાલ કરવો જોઈએ.

સુવિચાર

- 'હું ક્યાંથી આવ્યો ?', હું ક્યાં જઈશ ?, 'શું મને બંધન છે?' 'શું કરવાથી આ બંધન છૂટે છે?' આ વાક્યો સ્મૃતિમાં રાખવા - **શ્રીમદ્ રાજચંદ્ર**
- ચતુરાઈ વધે પણ ચારિત્રમાં કડાકો બોલાઈ જાય એવા જ્ઞાનથી બચવા જેવું છે - **પૂ. આચાર્ય વિજય રત્નસુંદરજી સૂરીશ્વરજી**
- જગતનો વિકાસ વ્યવહારું લોકોએ નથી કર્યો. તે તો એ લોકોએ કર્યો છે જેમણે પોતાની ઈચ્છા સામે કડકાઈથી જોવાની હિંમત કરી હતી. તેને પૂરા કરવા દોડ્યા હતા - **રિચાર્ડ બેલેસ**
- બધી જ મર્યાદાઓ સ્વઆરોપિત છે - **અર્નેસ્ટ હોમ્સ**
- પ્રામાણિકતા માણસનું શ્રેષ્ઠ પ્રમાણપત્ર છે, કર્મનિષ્ઠા એનું સર્વશ્રેષ્ઠ સન્માનપત્ર છે - **જીવન પાથેય**
- તમે કંઈ મોજા નથી... તમે તો સમુદ્રનો હિસ્સો છો - **એસ ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સરસિયાના તેલમાં કપૂર મેળવી માલિશ કરવાથી દુઃખતા સાંધામાં તરત આરામ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માયાળુ અને સાચા સંત ફ્રાન્સિસે સન્યાલ લેતા પહેલા તેમની પાસે જે કંઈ હતું તે કોઢ થયેલા વ્યક્તિને દાનમાં આપી દીધું હતું. તેમની ખૂબ સેવા કરી. તેમને એમની પિતાની કાપડની દુકાનમાંથી કાપડ વેચી તે રકમ પાદરીને દાનમાં આપી દીધી હતી.તેમના પિતાએ આ વાતની જાણ થઈ ત્યારે તેમને ખૂબ ઠપકો આપ્યો અને પોતાની મિલ્કતમાંથી ભાગ નહિ આપવાનો નિર્ણય કર્યો. પિતાના આવા કઠોર વચન સાંભળી ફ્રાંસિસે કહ્યું, 'પિતા, આપનો આભાર! આપે મને બહુ મટો મોહમાંથી મુક્ત કર્યો છે! એવું કહી પહેરેલે કપડે તેમણે ઘર છોડી દીધું. તેમણે લોકસેવા - સમાજસેવામાં મન લગાવ્યું. અને થોડા જ વર્ષોમાં વિશ્વભરમાં સૌના માનીતા એવા પવિત્ર સંત બની ગયા !! અંગત સુખ કે ભૌતિક સંપત્તિનો મોહ ત્યાગી વિશ્વકલ્યાણનો જે સંકલ્પ કરે છે તે મહાન વિભૂતિ તરીકે યુગો પર્યંત પૂજાય છે.

।। કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ।।

તંત્રીસ્થાનેથી...

ભારતીય સંસ્કૃતિએ બે રાષ્ટ્રનાયકોને ઈશ્વર તરીકે સ્વીકાર્યા છે. રામ ત્રેતાયુગના પ્રતિનિધિપુરુષ છે અને કૃષ્ણ દ્વાપરના. કૃષ્ણની વિદાય સાથે જ કળિયુગનો પ્રારંભ થાય છે. પૂરતા ઐતિહાસિક કે પુરાતત્ત્વીય પુરાવા નહીં મળવાથી કેટલાક બહુશ્રુત વિદ્વાનો આ બેઉ મહાનાયકોને કવિઓએ કલ્પેલા પાત્ર ગણી લીધાં છે. એ સાચું કે રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો ન રચાયાં હોત તો આપણને રામ કે કૃષ્ણ વિશે કશી જ ખબર ન પડી હોત. પરંતુ મહાકાવ્યોના આ બે મહાનાયકો યુગોથી ભારતીય જનમાનસમાં એવો જડબેસલાક પ્રભાવ જમાવી ચૂક્યા છે કે એમના વિશે ઐતિહાસિક પુરાવા મેળવવાની જરૂર જ નથી પડી.એ જનચેતના સાથે રસાઈ ગયા છે. ઈશ્વરના અવતાર તરીકે પૂજાતા રહ્યા છે અને આજપર્યંત લોકજીભ પર એમનું નામ એક યા બીજી રીતે રટાતું રહ્યું છે. રામના અવતારને બાર કળાનો અવતાર કર્યો છે. સોળે કળાઓ વાળો તો કૃષ્ણાવતાર જ. રામ મર્યાદા પુરુષોત્તમ છે, કૃષ્ણ પુરુષોત્તમ. વળી રામ જ કૃષ્ણ રુપે દ્વાપરમાં અવતર્યા હોવાનું મનાય છે. મૂળે બેઉ વિષ્ણુના અવતારો છે. ભારતીય સાહિત્ય અને તત્ત્વદર્શન કે વિવિધ કળાઓમાં કૃષ્ણ કેન્દ્ર સ્થાને બિરાજ્યા છે. ભગવાન વેદવ્યાસે એમને મહાભારત અને ભાગવત જેવા કાલજયી ગ્રંથોમાં મહાનાયક સ્વરુપે મૂકી આપ્યા એ પછી કાલાન્તરે અનેક કવિઓની રચનાઓમાં એ વિધવિધ રુપે પ્રગટતા રહ્યા છે. કૃષ્ણનું નટખટ બાળસ્વરુપ હોય, ગોપીઓનાં ગોરસ ઢોળતું કે વસ્ત્રાહરણ કરતું અલ્લડ સ્વરુપ હોય, ગોકુળવાસીઓને કાલિયમર્દન કરી નિર્ભય કરતું પરાક્રમી રુપ હોય, ગોવર્ધન પર્વતના આશ્રયે લઈ જઈ ઈંદ્રનો કોપથી રક્ષાકવચ બનનારું સ્વરુપ હોય કે 'કંસ-ચાણૂર મર્દનમ્' વાળું વિકરાળ પરાક્રમ હોય : કૃષ્ણ ગોકુળ-વૃંદાવનની રાસલીલાવાળા શૃંગારિક નાયક ઉપરાંત 'ઓલ ઈન વન' એળા 'એવરગ્રીન હીરો' તરીકે એમના પોતાના સમય દરમિયાન પ્રસ્થાપિત થયા અને પોતાની હયાતીમાં જ ઈશ્વર તરીકે પૂજાયા. રામના ચરિત્રની લગભગ તમામ મર્યાદાઓ અને પરંપરાઓનો કૃષ્ણ સભાનતાપૂર્વક લોપ કરતા લાગે. એમણે જરાસંઘના ત્રાસથી રણમેદાન છોડવામાં પણ નાનમ નથી અનુભવી કે પોતાને ચાહતી રુકિમણી સહિતની આઠે પટરાણીઓને એમના પરિવારનો વિરોધ વહોરી 'હરી' લાવ્યા. એમને કયારેય વિધિવત્ લગ્ન કરવાની જરૂર લાગી જ નથી. એમનાથી જ પ્રેરાઈને તો પેલા વિશ્વવિજેતા સિકંદરે 'ઈચ્છ્યું ગમી ગયું, જીતી લીધું.' વાળો સિદ્ધાંત અમલમાં મૂક્યો હોય તો પણ કોને ખબર ! એટલું ઓછું હોય એમ સગી બહેનને એની ઈચ્છા વિરુદ્ધ મોટાભાઈ બલરામ દુર્યોધનના પુત્ર લક્ષ્મણ સાથે પરણવા માંગે છે તે જાણ્યું ત્યારે જોડે રહીને સખા અર્જુન પાસે એનું હરણ કરાવ્યું ! નરકાસુરની કાળકોટડીઓમાં ગોંધાઈ રહેલી સોળ હજાર કન્યાઓને એના ત્રાસમાંથી મુક્ત કરીને પોતાની સ્ત્રીઓ તરીકે સ્વીકારી એ તો કેવડી મોટી ક્રાંતિ હતી ! કૃષ્ણ ઊર્જાથી છલોછલ સંપૂર્ણ ક્રાન્તિપુરુષ છે. જન્માષ્ટમી આવે છે કે તરત એમણે ગીતામાં આપેલું વચન યાદ આવી જાય છે :

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્॥

- તો શું હજી એને ફરી અવતરવાનો સમય નથી થયો ? કે પછી આ 'કોરોના' ના સૂક્ષ્મસ્વરુપે એ જ અવતર્યો છે?

જન્માષ્ટમીનો ઉપવાસ



પ્રસંગસર
અનંત પટેલ

શ્રાવણ મહિનો ચાલતો હતો, ભક્તિ, પૂજન. ઉપવાસ દાન ધર્મ વગેરેનો આ મહિનો કહેવાય છે. આ મહિનામાં રક્ષાબંધન, બોળચોથ,નાગપંચમી,શીતળા સાતમ રાંધણ છઠ અને અને જન્માષ્ટ્રમી જેવા પવિત્ર અને સુંદર તહેવારો આવે છે વળી ઓછામાં પૂરુ આ મહિનામાં આ તહેવારોએ લગભગ શાળાઓમાં પણ રજાઓ હોય છે તેથી બાળકોને રમવાની અને નવું નવું ખાવાની મઝા જ પડી જાય છે.

ચિંટુ અને પિંટુ બે પાકા ભાઈબંધ હતા, સાથે ભણતા, રમતા અને તોફાન મસ્તી પણ બહુ કરતા. ચિંટુની મમ્મીએ આ વખતે જન્માષ્ટમીના દિવસે ઘરના બધાજ સભ્યોને ફરજિયાત રીતે ઉપવાસ કરવાનો છે એવું જાહેર કરી દીધુ હતુ, ચિંટુને તો આખો દિવસ કંઈ ને કંઈ ખાવા જ જોઈએ એટલે એને તો ઉપવાસ કરવાની મમ્મીને ના જ પાડી દીધી તો મમ્મીએ એને સમજાવ્યું આ દિવસે આપણે બધાએ ફરાળ એટલે કે ફળના આહાર જેવું ભોજન લેવાનું હોય છે અને રોટલી, ભાખરી, શાક, દાળ ભાત કે ખીચડી એવું બધુ ખાવાની મનાઈ રહેશે. વળી એની દીદીએ એને સમજાવ્યું કે -

'હાફુસ કેરી, કેળાં સફરજન પેરુ તેમ જ બીજી મીઠાઈ વાળાને ત્યાંથી મળતી ફરાળી વાનગીઓ ખાવાની પણ મઝા પડશે, જન્માષ્ટમીનો ઉપવાસ કરવાનો તો મને બહુ જ ગમે છે , અને પાછુ સાંભળ જે જન્માષ્ટમીનો ઉપવાસ કરે ને એને પાછી ત્રણ દિવસ પછી આવતી અગિયારસનો ઉપવાસ પણ ફરજિયાત કરવો જ પડે હોં.. એટલે આ વખતે તો ઉપવાસ કરવાની અને બધુ ફરાળી ખાવાની બહુ જ મઝા આવશે'..ચિંટુએ દીદીની અને મમ્મીની વાત સાંભળી પણ એને તો ભાખરી શાક વગર મઝા નહિ આવે એવું લાગતાં એણે મનમાં એક આઈડીયા કરી લીધો કે એનો દોસ્ત પિંટુ તો છે જ, વળી એના ઘેર તો એની મમ્મી સિવાય બીજું કોઈ ઉપવાસ કરતું જ નથી એટલે પોતે ઘરમાં ઉપવાસ કરીને બધુ ફરાળી ભોજન તેમ જ ફળ પણ ખાશે અને કોઈ ન જાણે એ રીતે પિંટુના ઘરે જઈને ગુપચુપ ભાખરી શાક પણ ખઈ આવશે.. બહુ જ મઝા આવશે એમ વિચારી ચિંટુ તો જન્માષ્ટમીના દિવસની રાહ જોવા લાગે . સાથે સાથે એણે જન્માષ્ટમીના દિવસે એ પિંટુના ઘરે જઈ છાના માના ભાખરી શાક ખાઈ લેશે એ બાબતે પિંટુ સાથે પણ પાકી ગોઠવણ કરી કીધી.

પછી તો ચિંટુભાઈ જનમાષ્ટમીની આતુરતાથી રાહ જોવા લાગ્યા..ને જન્માષ્ટમીનો દિવસ આવી ગયો... સવારે દૂધ સાથે કશો નાસ્તો ચિંટુભાઈને મળ્યો નહિ, એ નિરાશ થયા.. મમ્મીએ એ બપોરે બાર વાગે જ જમવા મળશે એમ કહેલું એટલે ચિંટુને તે પહેલાં થોડી ભૂખ લાગતાં એ પિંટુના ઘર બાજુ આંટો મારવા ગયો તો પિંટુનું ઘર બંધ જોઈને એને તો ફાળ પડી,

'અલ્યા લ્યા, આ પિંટુ લોકો નું ઘર કેમ બંધ છે ??'

એ તો ગભરાઈ ગયો. પડોશમાં રહેતાં માસી પાસેથી એને જાણવા મળ્યું કે એ લોકોને તો પિંટુના મામાએ સવારે ફોન કરીને બધાંને જન્માષ્ટમી કરવા એમને ગામ બોલાવી દીધાં છે ને એ બધાં તો હવે કાલે જ આવશે. આ સાંભળી ચિંટુના તો મોતિયા જ મરી ગયા...એનો છાના માના ભાખરી શાક ખાવાનો આઈડીયા જાણે કે ફ્લોપ થઈ ગયો.. થોડીવાર માટે તો એ રડવા જેવો થઈ ગયો પણ પછી મન મનાવી ઉદાસ ચહેરે ઘેર આવ્યો તો એની દીદી અને મમ્મી તેને ઉદાસ જોઈને

'શું થયુ બકા ? કેમ તારુ મો પડી ગયું છે?' એવું બધુ પૂછવા લાગ્યાં.પણ પછી પાછો એ એકદમ સ્વસ્થ થઈ ગયો અને કશું જ બન્યુ નથી એમ કહી દીદીને પૂછવા લાગ્યો, 'દીદી આજે ફરાળ સિવાય સફરજન અને કેળાં તો ખાવા મળશેને ?'

'હા બકા એ મળશે તો ખરાં જ પણ માપમાં જ મળશે, કંઈ પેટ ભરીને ના મળે ...અને એવું બધુ ખાઈને જો પેટ ભરી દઈએ તો પછી ઉપવાસ કરવાનો શો અર્થ ?' ઉમેર્યું કે 'જો ભઈલા ઉપવાસ કરીને આપણે આપણું પેટ થોડું ખાલી રાખીએ ને તો એને ય આરામ મળે કે નહિ ? જો આપણને સ્કૂલમાં રજામળે છે તો ભણવામાંથી આરામ મળે છે કે નહિ ? પપ્પાને પણ ઓફિસમાં રજા હોય તો આરામ મળે કે નહિ?

દીદીનો જવાબ સાંભળી એને લાગ્યું કે આજે હવે અડધા ભૂખ્યા જ રહેવું પડશે... એ આમ વિચારતો હતો ત્યાં જ દીદીએ ધીમી ધીમે દીદીની વાત એના મગજમાં બેસી ગઈ, મમ્મીના ઘર મંદિરમાં રાખેલી કનૈયાની મૂર્તિ તરફ અચાનક જ એની નજર ગઈ તો એ ય ચિંટુની સામે જોઈને જાણે મલકાતો લાગ્યો... જાણે એ ય એને કહેતો હતો કે -

'આજે તો બેટા, તને ભાખરી શાક નહિ જ ખાવા દઉં...' પછી તો કાનુડાનું મોહક સ્મિત જોઈ જાણે એ સમજી ગયો હોય એમ ચિંટુ જન્માષ્ટમીનો ઉપવાસ માત્ર ફરાળ જમીને કરવા માનસિક રીતે સજ્જ થઈ ગયો ને પછી તો એણે દિવસ દરમિયાન શક્ય એટલું ઓછું જ ભોજન કર્યું ને જન્માષ્ટમી આનંદથી ઉજવી કાઢી... એટલું જ નહિ રાત્રે બાર વાગ્યા સુધી બધાંની સાથે એ જાગ્યો પણ ખરો.

સંબંધોનો અભાવ : વ્યક્તિને અંદરથી ખોખલી કરી દેતી હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

એક આધેડ વયનો એક પુરુષ છે. એ પુરુષ એક સરકારી ઉચ્ચ અધિકારી છે. તેણે પોતાની પત્નિ સાથે છૂટાછેડા લીધેલા છે. એક મોટી ઉમરની કુંવારી યુવતિ છે કે જેને એ પુરુષ ગમે છે. એ પુરુષ સાથે એ કુંવારી યુવતી લગ્ન કરવા ઈચ્છે છે. એ પુરુષના પોતાની પત્નિ સાથેના છૂટાછેડા સમયની ઘટના વિષે એ યુવતિ અને એ પુરુષ વચ્ચેનો એક હૃદયસ્પર્શી સંવાદ :

"છૂટાછેડા તેને જોઈતા હતા. મને નહિ. હું તો તેને પ્રેમ કરતો હતો."

"ખૂબસુરત હશે તમારી પત્નિ"

"હા બેહદ. લાંબા ઘેરા રેશમી વાળ હતા તેના અને.....પણ તેને મારી નોકરી પસંદ ન હતી. બદલીઓ, ટૂર, આજ અહીં તો કાલ બીજે..... અને એક દિવસ મને છોડીને તે ચાલી ગઈ. એક પ્રાથમિક શિક્ષક સાથે કે જેની કોઈ હેસિયત નથી, જેનું કોઈ ભવિષ્ય નથી, જેના જીવનનું કોઈ ધ્યેય નથી. એક પ્રાથમિક શિક્ષક માટે એ મને છોડીને..... "

"બની શકે કે એ પ્રાથમિક શિક્ષકને તેમની જરૂર હોય. તમને નહિ."

"મને પણ તેની જરૂર હતી પણ તેને ક્યારેય એ... "

"તમે ક્યારેય કહ્યું તેને ?"

"અજીબ વાત છે. જતા પહેલા એ રોકાઈ અને બોલી" માત્ર એકવાર કહો કે 'મત જાઓ, 'મત જાઓલ.

"અને તમે એવું ન કહ્યું."

"ના. એ નિર્ણય લઈ ચૂકી હતી. એ તેનો નિર્ણય હતો. હું કોણ હતો તેને "મત જાઓ" કહેવા વાળો"

"હમણાં તમે કહ્યું ને કે તમે તેને ચાહતા હતા. તમારે તેની જરૂર હતી."

"ત્યારે પણ....પણ મેં તેને રોકી નહીં "

"માત્ર બે શબ્દો "મત જાઓ" તેમ કહી ન શક્યા. જીંદગીભર એકલતાનો બોજ ઉઠાવવો મંજૂર હતો પણ માત્ર એ શબ્દો કહેવાનું મંજૂર ન હતું. આટલો અહંકાર. આટલો ખોટો અહંકાર શા માટે?

વાસ્તવિક જીવન જેવા જ લાગતાં આ સંવાદો છે એક ફિલ્મનાં એક ભાવવાહી દૃશ્યના છે જેમાં આધેડ પુરુષની અસરકારક ભૂમીકા ભજવી છે વિક્રમ ગોખલેએ અને આધેડ વયની કુવારી યુવતીની હૃદય સ્પર્શી ભૂમિકા ભજવી છે અનિતા કંવરે. અમોલ પાલેકર દિગ્દર્શિત એ કલાસિકલ ફિલ્મનું નામ છે "થોડા સા રૂમાની હો જાયે."

આ વાત કે આ પ્રસંગ છૂટા છેડા લઈને જતાં પતિ કે પત્નિને જ માત્ર લાગુ પડે છે એવું નથી. આપણે જે કોઈ સ્નેહી-સંબંધીનાં અભાવમાં જીવન જીવતા હોઈએ છે, જે કોઈ સંબંધોનો અભાવ આપણને વેદના આપતો હોય છે એ બધા સંબંધોની વાત છે. સ્નેહી-સંબંધી કે જે આપણને છોડીને આપણાંથી દૂર ચાલ્યા ગયા હોય છે એ લોકો જ્યારે આપણી પાસે અને આપણી સાથે હતા ત્યારે આપણે તેમને કેટલીકવાર કહ્યું છે કે 'યસ, મારે તારી જરૂર છે. તારા વિના હું રહી શકું એમ નથી. મારા જીવનમાંથી તું જતો રહેશે કે જતી રહેશે તો મને તારો અભાવ સાલશે.' આ પ્રકારના શબ્દો માત્ર શબ્દો જ નથી હોતા, આપણો આપણાં સંબંધીઓ પ્રત્યેનો આપણો એક ભાવ હોય છે. તેમના પ્રત્યેની આપણી લાગણીની અસરકારક અભિવ્યકિત હોય છે.

કોઈપણ કારણસર જે કોઈ સ્નેહી સંબંધી આપણાથી દૂર ચાલી ગઈ હોય, તેમને આપણે આ પ્રકારનાં શબ્દો કહીને આપણી તેમનાં પ્રત્યેની લાગણી જો અભિવ્યક્ત કરી હોત તો કદાચ, હા તો કદાચ એ વ્યકિતએ આપણાથી દૂર જવાનું ક્યારેય સ્વપ્નમાં પણ ન વિચાર્યું હોત.

આપણાં સ્નેહી-સંબંધી આપણાથી જ્યારે દૂર થઈ રહ્યા હોય, આપણને છોડીને જતાં રહેતા હોય ત્યારે શક્ય છે કે પેલા અધિકારીની પત્નિની જેમ થોડી ક્ષણો રોકાઈને આપણને એવું ના કહે કે "એક બાર કહો મત જાઓ." એ સમયે જો આપણે સમજી શકીએ કે 'યસ, ભલે એ સ્નેહી કહેતા નથી પણ તેના મનમાં તો એક અપેક્ષા હોય જ છે કે આપણે તેને એકવાર કહીએ મત જાઓલ. જો આપણે એ ક્ષણ ચૂકી ગયા, માત્ર બે શબ્દો "મત જાઓ" કહેવાનું ચૂકી ગયા તો પછી એ ક્ષણ ક્યારેય પાછી આવવાની નથી. આપણને જ્યારે ભાન થાય છે કે એ ક્ષણે "મત જાઓ" કહેવાની જરૂર હતી ત્યારે એ સ્નેહી આપણાથી બહોત-બહોત દૂર ચાલી ગઈ હોય છે. તેને ત્યાંથી પાછી વાળવી મુશ્કેલ જ નહીં પણ અશક્ય બની જતું હોય છે.

પેલી કૂવારી યુવતિએ અધિકારીને ટકોર કરી એમ આપણે આપણાં સ્નેહી સંબંધીના અભાવની પીડા જીંદગીભર વેઠવા તૈયાર થઈ જઈએ છીએ, જીંદગીભર એકલતાનો ભાર વેઠવાનું આપણે મંજૂર રાખીએ છીએ પણ બે શબ્દો "મત જાઓ" બોલવા તૈયાર નથી થતાં. આવું નથી બોલી શકતા એ સમયે આપણને ક્યા પ્રકારનો અહંકાર નડતો હોય છે? એક બાપ તરીકેનો? એક દીકરા તરીકેનો? એક મા તરીકેનો? પતિ કે પત્નિ તરીકેનો? એક મિત્ર તરીકેનો?

અહંકાર રાખવાથી જો ઉભયપક્ષ જ આપણી સાથે ના રહેવાના હોય, તેમની સાથેનો સંબંધ જ કાયમ માટે તૂટી જવાનો હોય તો પછી એ અહંકાર કામનો શું? આખરે એવો અહંકાર શા માટે? માત્ર અને માત્ર સંબંધના અભાવની જીંદગીભર પીડા સહન કરવા માટે જ?

(ક્રમશઃ)

અર્થતંત્રનું જહાજ ડૂબે નહી તે ચિંતા પ્રશાસકની છે!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમય બડા બલવાન હૈ ઔર સમય સમય કી બાતેં ભી અનેરી શાન હૈ - ખરેખર કોરોના કાળમુખી મહામારી ભારતમાં આવી તે પહેલાની સ્થિતિને યાદ કરો તો ખબર પડશે કે સરકાર અર્થતંત્રની ગાડી પુનઃ પાટા ઉપર ચડાવવાનાં પ્રયાસમાં હતી જયારે બેરોજગારીનો દર દેશમાં સૌથી વધુ હતો. સરકારે સતત પ્રયાસો કર્યા જ છે છતાં આ કોરોના એ એવો ઝટકો આપ્યો છે કે આપણી અર્થવ્યવસ્થા અતિશય ખસ્તા હાલતમાં ભેરવાતી જ જાય છે!! લોકડાઉન શબ્દ કોઈ એ સાંભળ્યો પણ ના હતો અને પ્રજાને એવું જ હતું કે કોઈ બિમારી વાઈરસથી કે બેકટેરિયાથી આવે તો ઝડપથી ફરી હાલત સુધરી પણ જશે. ડેન્ગ્યુ, સ્વાઈન ફલુ, ઝેરી મેલેરિયા, ચિકન ગુનિયા વગેરે આવ્યા અને પ્રકોપ ઘટી પણ ગયો પરંતુ કોરના તો ચીનની મિલટ્રી લેબમાં તૈયાર કરાયેલ વાઈરસ હોવાથી સમગ્ર વિશ્વ બેવડુ થઈ ગયું અથવા મહાશક્તિશાળી દેશો પણ અંતે હતાશ થઈ ગયા છે અને આ પ્રહાર ચીને જ દુનિયાને તબાહ કરવા કરાયેલો છે તે હવે પ્રસ્થાપિત થઈ જ ગયું છે. બધી

જ વ્યક્તિઓ ચિંતા કરીને કોરોના નામથી પણ કંટાળી ગઈ છે. ચીનને માફી આપી શકાય જ નહીં ! લોકડાઉન કોરોનાની પ્રક્રિયા કે સંક્રમણની ચેઈન તોડવાની રણનીતિનો ભાગ હતી પરંતુ આ પછી અનલોક શરૂ થયું ત્યાં સુધીમાં ઉદ્યોગો, ધંધા, વ્યવસાય, બધુ જ બંધ રહ્યું જેથી પુનઃ આર્થિક પ્રવૃત્તિઓને ચેતનવંતી બનાવવામાં પારાવાર પ્રશ્નો આવી ગયા છે. માર્ચ-એપ્રિલ સુધી શ્રમિકો કે કામદારો ને વેતન પેટે રકમ બધા માલિકોએ ચૂકવી પરંતુ તે સમય બાદ ધંધા રોજગાર બંધ રહેવાને લીધે વળતર, વેતન વગેરેનાં પેમેન્ટમાં અશક્તિ ઊભી થઈ અને ઘણા એકમો બંધ પડી ગયાં. પરપ્રાંતિય શ્રમિકો ધીમી ગતિથી ગુજરાતમાં પરત ફરી રહ્યા છે. પરંતુ હવે માલિકો મુંઝાયેલા છે કેમ કે બજારમાં માંગ રહી નથી !! સરકારે આર્થિક પૅકેટ જાહેર કર્યું પણ એ લોન બેઈઝડ્ મદદ છે.

ઉત્પાદકીય ક્ષેત્ર હોય, વ્યાપારનું હોય કે સર્વિસનું હોય આ બધા ત્યારે જ ધમધમે જયારે તેના ઉત્પાદન - સેવાને ખરીદનાર વર્ગ હોય અર્થાત લોકો પાસે રોકડની તંગી છે વસ્તી વિશાળ- ધંધા આધારિત તબક્કા અનેક એટલે બન્યું છે એવં કે સરકાર સહાય કરે છે તે નદીની રેતીમાં જળ સમાય જાય તેમ જતી રહે છે. મતલબ માંગ શક્તિ વધતી નથી તેના મૂળમાં વધેલી બેરોજગારી ઉપરાંત જોબ કે ચાલુ હતા ત્યાં વેતનકાપ છે અથવા કાયમી ધોરણે શ્રમિકોને છૂટા કરી દેવાયા છે તથા મોંઘવારી જે વધતી જાય છે - આ બધા કારણોસર બજારમાં મંદી થઈ છે જે માત્ર કોરોનાના લીધે જ નથી પણ એક મોટું કારણ હવે કહી શકાય સૌથી પ્રથમ વાત - લોકો પાસે આવક સાતત્ય નથી. થાપણો ઉપરના વ્યાજ દર ઘટતા જ જાય છે. બીજું નવી રોજગારી ઊભી થઈ શકતી નથી. મતલબ કે પરિવાર ચલાવવાની કશમકશ ચાલી રહી છે. ત્રીજુ સરકારી આંકડા જ કહે છે કે આત્મનિર્ભર લોન મંજુરી સામે પચાસ ટકા જ લોન ઉપાડ થયો છે. ચોથું સંગઠીત ક્ષેત્રના જે પૂર્વ નોકરી કરી ગયા તેવા લોકોને પેન્શન મળે છે તેના ઉપર પરિવાર ટકી રહ્યા છે. અને હવે તો મધ્યમ વર્ગને કોરોના કરતા સરકારી નીતિની માનસિક ડર લાગી રહ્યો છે. બધુ ઉમદા સર્વોત્તમ જાહેરાતો થયા બાદ લોકો તો મુંઝાયેલા, હતાશ, ઉદાસ રહે તો સવાલ એ જરૂર ઊભો થાય કે અમલીકરણમાં કયાં ખામી છે?

પાંચમી વાત કે બેન્કોનું અસ્તિત્વ ટકાવવું અતિ કપરું થઈ ગયું છે જયાં એસેટ - લાયેબિલીટી મેનેજમેન્ટ ખોરવાઈ ગયું ઉપરાંત એન. પી.એ. વધી રહી છે અને સ્લો ક્રેડીટ ફલો મુખ્ય અવરોધક પરિબળો સામે આવ્યા છે જેનો ઉપાય માત્ર ખાનગીકરણ જ નથી, કાયદો કામ નહીં કરે તો અંતે શું ? નાના સૂક્ષ્મ મધ્યમ ઉત્પાદકીય એકમોના પ્રશ્નો વધ્યા છે. ત્યાં નાની લોન સદાય તો છેલ્લા ત્રણ માસનાં ચાલુ ખર્ચામાં જ જતી રહી હોયતેવી સ્થિતિ છે ઉપરાંત હજી મજૂર જરૂરત જેટલા મળી રહ્યા નથી અને પહેલા જેવી ઉત્પાદન કક્ષા મેળવવામાં સમય લાગશે તેવું આ સંગઠનોનાં પ્રતિનિધિઓ કહી રહ્યા છે.

જાહેર ક્ષેત્રનાં એકમોની આર્થિક હાલત પર વિકૃત થઈ છે બેન્કો સિવાયનાં એકમોની વાત જાણીને દિલને આઘાત લાગે તેવું છે. સરકારની ફરજમાં આવે તેની જ અપેક્ષા જનતા રાખતી હોય છે પણ કડવી હકીકતો એવી છે કે જે તે વિભાગના મંત્રીને પણ જમીન પરની સત્ય વાસ્તવિકતાનો ખ્યાલ જ હોતો નથી અથવા એ જોવા કે કશુ કરવા ઈચ્છતા નથી ત્યારે આવા જાહેર સાહસોના કામદારો અને તેના પરિવારો દુઃખી દુઃખી થઈ જાય છે!! સુરક્ષા, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, રોજગારી આ બધામાં જે પ્રશાસક હોય તેણે સતત્ સમીક્ષા કરીને યોગ્ય પગલા ભરવા જ પડે. આ તબક્કે હાલની સરકાર ઘણું બધું કરી રહી છે છતાં લોકોમાં તેમનું પ્રતિબિંબ પડતું નથી - શા માટે ? આ જ ચિંતાનો વિષય છે. પેન્શન કે મોંઘવારી કે વેતનમાં કાપ મૂકવું કે વિચારવું એ અત્યંત હલકી કક્ષાનું કદમ જ ગણાશે. રોજગારી સર્જન ઉપર સત્વરે કામ કરવું જ પડશે. ઉપરાંત લોકો જે વંચિતો છે તેના હાથમાં ખર્ચ કરવા રોકડ ઉપલબ્ધ કરાવવી પડશે તો આપણા અર્થતંત્રમાં દોરી સંચાર ઊભો થશે અને છેલ્લે બેન્કોનાં વિલફૂલ ડિફોલ્ટર્સ પાસેથી બાકી રકમ વસૂલવી જ પડશે તો સરકારને પણ રાહત મળશે. આટલા વર્ષોનો જે આપણો વિકાસ હતો એ અદૃશ્ય થાય નહીં એ માટે પ્રભુને પ્રાર્થના !

શેર આસ્વાદ :
એક વૃક્ષ અપલોક કરી જુઓ
વાદળોનું ટોળું આવશે લાઈક કરવા